# પ્રસ્તાવના

મારી સમગ્ર વાર્તાઓ એક સાથે પ્રગટ થઈ રહી છે તેનો મને આનંદ છે.

લેખનની શરૂઆત નાની વયે થઈ હતી અને શાળા-કૉલેજના વર્ષો દરમિયાન ત્રણ-ચાર સંગ્રહો થોય એટલી વાર્તાઓ 'નવનીત' અને 'આરામ' જેવાં અગ્રણી સામયિકોમાં પ્રગટ થઈ હતી. તે પછી લખવાનું અટકી ગયું. આનો માત્ર ઉલ્લેખ કરું છું; તે વાર્તાઓને ગ્રંથસ્થ કરવાનો વિચાર ક્યારેય આવ્યો નથી.

લાંબા વિરામ પછી લખવાનું 1997માં શરું કર્યું અને આજ સુધી નિયમિત લખતો રહ્યો છું. સર્જન પ્રવૃત્તિએ જીવનમાં પાછલાં વર્ષોમાં મને જીવંત રાખ્યો છે અને આંતરિક સમૃદ્ધિ આપી છે. આ મારી પ્રાપ્તિ છે. આ નિમિત્તે કેટલાંક મિત્રો મળ્યા, નનો પણ સહૃદય વાતકોનો વર્ગ મળ્યો.

આ વાર્તાઓ 'નવનીત સમર્પણ', 'શબ્દસૃષ્ટિ', 'પરબ', 'ગદ્યપર્વ' તથા અન્ય સાહિત્યિક સામયિકોમાં પ્રગટ થઈ છે. તે માટે તેના સંપાદકો દીપક દોશી, હર્ષદ ત્રિવેદી, રમેશ દવે, યોગશ જોષી તથા ભરત નાયકનો હું ઋણી છું. વિશેષ ઉલ્લેખ દીપક દોશીનો કરવો જોઈએ, જેમણે આમાંની લગભગ અડધી વાર્તાઓ પ્રગટ કરી!

સદ્‌ભાગ્યે મને પ્રકાશકો પણ બહુ સારા મળ્યા છે. 'ગુર્જર'ના શ્રી મનુભાઈ શાહ, 'લજ્જા પબ્લિકેશન્સ'ના કનુભાઈ પટેલ તથા 'ડિવાઇન પબ્લિકેશન્સ'ના અમૃતભાઈ ચૌધરી; આ સહુનો હું આભારી છું.

મારાં મોટાભાગનાં પુસ્તકો અપ્રાપ્ય હતાં અને કોઈ દિશામાં નવી આવૃત્તિ કરવા બાબતે ઉત્સાહ દેખાતો ન હતો; આવા સંજોગોમાં ઝેન ઓપસે એક-બે નહીં સમગ્ર વાર્તાઓ એક સાથે પ્રગટ કરવાની તૈયારી બતાવી. બાર વાર્તાસંગ્રહો અને લગભગ અઢીસો વાર્તાઓ; મને એમ કે બે ભાગ થશે, તો ઝેન ઓપસે ચાર ભાગમાં તેને પ્રગટ કર્યા જેથી હાથમાં લઈ વાચવામાં સરળતા રહે!

દરેક તબક્કે મારી અનુકૂળતાનો વિચાર કર્યો અને આટલું મોટું કાર્ય ધાર્યા કરતાં વહેલું પૂરું કર્યું તે માટે ઝેન ઓપસનો ઋણી છું.

17-10-2025

**– પ્રવીણસિંહ ચાવડા**

# માણેકગઢની લડાઈ

ખૂબ વાયરો વાયો અને આથમણી દિશા લાલ થઈ ગઈ ત્યારે નદી તરફની ઝાડીમાંથી કોઈ લથડિયાં લેતું આવતું જણાયું. અમુક માણસોને કંઈક ઊડતું ઊડતું આવતું હોય એવું ભાસ્યું. એમાં ઉમેરો કરી કોઈકે કહ્યું કે આગનો ગોળો ગોંદરા સુધી લાવીને હળવેથી મૂકી ગયો. બટન વગરનો મોટો ડગલો બે બાજુ પાંખો ફફડાવતો હતો એ કારણે પણ આવા ભ્રમ થયા હોય.

આ રીતે મારા કાકાબાપુનું આગમન થયું.

જોકે મારા બાપુ તો પેલાં ગલ્લરો સાંભળીને ખૂબ હસ્યા. એમણે માથું ધુણાવીને કહ્યું, "ટિકિટના પૈસા નહીં હોય એટલે વિક્રમપુર સ્ટેશને ઊતરી ગયા હશે અને મદારીઓ-બજાણિયાઓ સાથે ડાયરા કરતાં રોમાંચક શૈલીએ ગામમાં પધારવું પડ્યું હશે."

અમારા ઘરમાં સૌથી પહેલી ખબર દાદીમાને પડી. છેલ્લા ઓરડામાં નાની ખાટલી ઉપર સૂતાં હતાં તે માથે સાડલો સરખો કરતાં બેઠાં થઈ ગયાં અને બાને કહ્યું, "વહુ, જુઓ તો, કોણ આવ્યું?" ચોકમાં જોડા ખખડ્યા અને મારા કાકાબાપુ સીધા પાછલા દાદરે થઈ મેડી ઉપર ચડી ગયા.

મારા બાપુ ઘર સામે લીમડા નીચે બેસી ચોપડી વાંચતા હતા તે કંઈક રમૂજ સાથે અતિથિને જોઈ રહ્યા. દાદાજી ઓસરીમાં બેઠા હતા. એમણે કહ્યું, "ઊનું પાણી મુકાવજો, બેટા." મારા બાપુએ હોંકારો પુરાવ્યો, "હા, રળિયાત કુંવર રળીને પધાર્યા છે." કોઈએ આનો જવાબ આપ્યો નહીં. ઘરની અંદરના ભાગમાં પ્રવૃત્તિઓ વેગીલી બની. ડામચિયો, પછી પાણિયારું એમ ટેકો લેતાં દાદીમા આવીને રસોડાના બારણા પાસે બેસી ગયાં. મારાં બા ચૂલો પેટાવતાં હતાં અને સાડલાના છેડાથી આંખો લૂછતાં હતાં. વળી, ત્યાંથી ઊઠીને દાદીમા હવાને ફંફોસતાં ઓસરીમાં ગયાં અને દાદાજીની આરામખુરશીની પાસે બેસી ગયાં.

•

કાકાબાપુ સાથે મારી મુલાકાત બીજા દિવસે સવારે થઈ. આખી રાત ઊંઘમાં મને કિલ્લા અને છલાંગ મારતા ઘોડા દેખાયા કર્યા હતા. સવારે હું દાદર અને મેડીની બારીઓ સામે જોતો પાછળના વાડામાં આંટા મારતો હતો ત્યાં એમને ચા પાઈને ઊતરતાં મારાં બાએ કહ્યું, "જાઓ બેટા. કાકાબાપુને પાયલાગણ કરી આવો." હું કઠેડો પકડીને એકએક પગથિયું સરકતો ગયો. પ્રથમ તો પશ્ચિમની બારી પાસે ખુરશી ઉપર પીઠ જ દેખાઈ. ખાખી કોટ ખીંટી ઉપર લટકતો હતો. દાદર પાસે ધૂળભરેલા, થોડા ફાટેલા બૂટ પડ્યા હતા.

કઠેડો પકડીને હું ઊભો હતો ત્યાં લાલ આંખો મારી તરફ ફરી અને જમણો હાથ લાંબો થયો, "રણુભા!"

હું દોડીને એમની પાસે ગયો, "કાકાબાપુ!"

બાર મહિને – બે વર્ષે કાકાબાપુ આવતા અને થોડા દિવસ રોકાઈને ચાલ્યા જતા. કોઈ કહેતું

રાજા-મહારાજાઓ સાથે બેઠક છે. કોઈ કહેતું મલકમાં ભટકી ખાય છે. લોક હજાર વાતો કરતું પણ હું તો એમાંથી પસંદ કરીને મને સારું લાગે એ જ રાખતો. થોડા દિવસ રોકાય એમાં પણ કોઈની સાથે બહુ બોલતા નહીં. મેડી ઉપર બેસી રહેતા અને સાંજ પડ્યે ખેતરોમાં કે નદીના પટમાં ચાલવા જતા. મારી સામે તો જોતા પણ નહીં છતાં હું માનતો કે હું કાકાબાપુનો વહાલો ભત્રીજો.

ભારે અવાજે મારું નામ બોલાયું અને મારા ખભે એ પરદેશી હાથનો સ્પર્શ થયો તેથી ઝણઝણાટી થઈ. આટલું મારે માટે પૂરતું હતું. ઉત્સાહથી મેં કહ્યું, “રમવા જાઉં –”

એમણે કહ્યું, “કાગળ લાવો અને પેન લાવો.”

“કાગળનું શું કરીશું, કાકાબાપુ?”

“આપણે માણેકગઢની લડાઈનો ઇતિહાસ લખવો છે.”

હું એ કાકાનો જ ભત્રીજો એટલે શું લડાઈ, કેવી લડાઈ એવા અસંગત પ્રશ્નો કર્યા વગર મેં પગ ઉપાડ્યા, “મારી નોટબુક લાવું.”

“નોટબુક નહીં ચાલે. બજારમાં જાઓ. લખવા માટે તો કોરા કાગળની થપ્પી જ જોઈએ. ખબર છે પહેલો ગોળો ક્યાં પડ્યો હતો?”

“આપણા લીમડા ઉપર.”

“ત્યારથી આ લીમડો ઠૂંઠો છે. એના ઉગમણા ખભે હાથ ઊગતો જ નથી. રણુભા –’

“જી, કાકાબાપુ –”

“અંગ્રેજે ચારે બાજુ તોપો ગોઠવી હતી પણ એની નાદાની જુઓ. બાળક જેવા એક દુશ્મન સામે આ વિશ્વવિજેતાએ જેનું પ્રદર્શન કર્યું એને માટે ડફોળાઈ સિવાય બીજો શબ્દ જ નથી. પહેલા ગોળે લીમડો પડ્યો. બીજા ગોળે સોનીવાડામાં એક કૂતરું મર્યું. આ અણઘડવેડાએ ત્યારે પણ સહુને હસાવ્યાં હતાં. મંગુ કરીને એક ડોશી હતી તે દાતરડું લઈને દોડી. મારા પીટ્યા માંકડા, સામી છાતીએ આવ. રણુભા, કેટલું માણસ મર્યું હતું એ ખબર છે?”

“જી, કાકાબાપુ.”

“ચોપડીમાં એ લખવું પડશે. ચોપડીમાં તો બધું આવશે. લોહીથી લથબથ ચોપડી જૂઠું નહીં બોલે.”

થોડી વાર એ મૌન બેસી રહ્યા. પછી બોલ્યા, “અને આપણા દાદાજી.”

મેં કહ્યું, “હા, કાકાબાપુ, આપણા દાદાજી.”

“ઉંમર કેટલી હતી, ખબર છે?”

“જી કાકાબાપુ.”

“એકવીસ વર્ષ. હું બહુ ફર્યો છું, ખૂબ દુનિયા જોઈ છે, પણ એક બાજુ એક મહાસત્તા અને સામે માથાનું ફરેલું એક ગામ – આવી બેતાલ લડાઈની વાત ક્યાંય સાંભળી નથી.” વાત આટલી જ હતી – અમે અમારા રાજા. ગધ્ધીનો અંગ્રેજ કોણ?

દાદર ઊતરતાં મને થયું, શું ભણું છું અને કઈ ચોપડીમાં છું એવા મહેમાનોના પ્રશ્નો તો પુછાયા

જ નહીં! આટલો વખત ક્યાં હતા, નદીની ઝાડીમાંથી પગપાળા કેમ પ્રગટ થયા, જોડા ઉપરની ધૂળ કયા પ્રદેશની હતી – મારે પૂછવાના પ્રશ્નો પણ રહી ગયા.

બીજા દિવસે સોનીદાક્તર ઘોડા ઉપર બેસીને આવ્યા ત્યારે એમની પાછળ દાદાજી અને પછી મારા બાપુ મેડીએ ચડ્યા. સોનીદાક્તરનું મોં લાડુ જેવું અને હસે ત્યારે હોઠ પાન ખાધું હોય એવા લાગે. ગરમ પાણી મૂકો. આ સોય ઉકાળી લાવો. મને થાય કે દાક્તર મને જ જોયા કરે છે એટલે નિશાળમાં ઈન્સ્પેક્શન આવ્યું હોય એમ હું ગંભીર બનીને દોડાદોડી કર્યે ગયો. બાએ અભરાઈ ઉપરથી ઉતારીને ત્રણ શીશીઓ આપી તે મેં ઓટલે બેસીને સાબુના પાણીથી ધોઈ. જતી વખતે દાક્તર ગોળીઓનાં પડીકાં અને લાલપીળાં શરબત જેવી દવાની શીશીઓ ટેબલ ઉપર ગોઠવતા ગયા. બાપુ દાક્તરની પેટી ઉપાડીને એમની પાછળ ઊતર્યા. હું ટેબલ ઉપરથી શીશીઓ અને એની પાસે કાગળની થપ્પી સરખી કરતો ઊભો રહ્યો. દાદાજીનો ખોંખારો સંભળાયો એટલે મેં પાછળ જોયું. કાકાબાપુ ખાટલામાં સૂતા હતા અને દાદાજી પાંગથે બેઠાબેઠા ધ્રૂજતા હતા.

દાદાજીએ કહ્યું, “રણુભા.”

“જી દાદાજી. હું રમવા જાઉં છું –” કહીને હું દોડતો દાદર ઊતરી ગયો.

“ઇતિહાસ છે, રણુભા, એટલે શરૂઆત તો વેદો અને પુરાણોથી જ કરવી પડશે. એક રીતે જોઈએ તો કંઈ જૂનું થતું જ નથી. વાત તો એક જ સળંગ ચાલી આવે છે. કોઈ કપાઈ મર્યું તો એના ઘોડાની હણહણાટી સૂર્ય સુધી જતી જ હશે. સૂર્ય તો મૂળ પુરુષ છે. ગામની લાઇબ્રેરીમાં તપાસ કરો. પુરાણો મળશે. મૂળ એમાં ક્યાંક હશે. અંગ્રેજોની ચોપડીઓમાં ઉલ્લેખ નથી. ડુંગરોની વચ્ચે એક નાનું ગામ, એની ફરતે મોટી ફોજ; તંબુ, તોપો, બસો-પાંચસો માણસ મર્યું, એ વાત ફાર્બસસાહેબના વંશજોને નોંધવા જેવી નહીં લાગી હોય. ભેટ બાંધીને હથિયાર સજતા એંશી વર્ષના વૃદ્ધો અને બંદૂકો ભરી આપતી કુંવાશીઓ અને પુત્રવધૂઓ–આનો અર્થ અંગ્રેજ સુધી ક્યાંથી પહોંચે? એક ચોપડી છે, ‘મહીકાંઠા એજન્સીનો ઇતિહાસ’, કોઈ વાણિયાએ લખી છે. રણુભા, એ જૂની ફાટેલી ચોપડીના પાછળના ભાગમાં ગણીને ચાર લીટી મળે છે. એ વાંચનારને કેવી છાપ પડે, ખબર છે? દેશમાં બધે અંગ્રેજી શાસનની વાહવાહ હતી, બધા સેનાખાસખેલો અને સમશેરબહાદુરો કુર્નિશ બજાવતા હતા ત્યારે ખૂણાના એક પાગલ ગામના મૂર્ખ પ્રજાજનો સુધી સુધારારૂપી પ્રકાશ નહોતો પહોંચ્યો.”

●

બીજા દિવસે સાંજે મારા બાપુએ કહ્યું, “શરીર બગાડીને આવ્યા છે તો આરામ કરે, દવા ખાય. એમનું ઘર છે –”

દાદાજીએ ઉપરાઉપરી ત્રણ ખોંખારા ખાધા. આવું બને ત્યારે એમના મૌનની મને બીક લાગતી. બોલ્યા પછી સતર્ક બનીને મારા બાપુ પણ એમની સામે તાકી રહ્યા.

“એમનું ઘર છે એવી સ્પષ્ટતા કરવાની જરૂર હતી ખરી? શું એ કોઈ વિવાદનો મુદ્દો છે?”

મારા બાપુ આ સાંભળીને ખૂબ હસ્યા. તરત ઊભા થઈને એ આરામખુરશી પાસે બેસી ગયા અને દાદાજીના પગ દાબવા લાગ્યા. “આ મને ખૂબ ગમ્યું, બાપુ.”

દાદાજી પણ હસ્યા. "તમે અડધા વેપારી થઈ ગયા છો એટલું તો મારે કહેવું જ પડશે. હું ઘણા વખતથી જોઉં છું –"

"હું તો એટલું જ કહું છું કે અત્યારે ઇતિહાસ લખવાનું મુહૂર્ત ક્યાંથી કાઢ્યું?"

દાદાજીએ હસીને કહ્યું, "એ તો સ્વતંત્ર છે."

"કદી બે લીટીનો કાગળ લખ્યો નથી એ ચોપડી લખશે? અને રણુભા તો કહે છે કે ઠેઠ વેદોથી શરૂઆત કરવાની છે!"

"તે એમાં તમારું અને મારું શું જાય છે? એને કાગળ આપો અને પેન આપો. આપણા રણુભા તો ગણેશજીની જેમ સેવામાં હાજર જ છે. કંઈ કહેવાય નહીં. પેલા બોલે નહીં અને રણુભા બધું લખી નાખે."

મેં ખુશ થતાં કહ્યું, "હાજી."

"લોક હસશે. ફુલાવીને ફુગ્ગો કર્યો છે, બાકી વાતમાં શું છે? પાંચ-પચીસ જુવાનિયાઓએ હઠ કરી અને કાચાં છોકરાં કપાઈ ગયાં. ગામ ખંડેર બન્યું તે અડધાં ઘર તો હજુ એને એમ ઊભાં છે. મૂર્ખાઈ નહીં તો આ બીજું શું કહેવાય?"

દાદીમા નેવાં નીચે બેઠાંબેઠાં આંગળીથી જમીન ખોતરતાં હતાં તે એકદમ આંધળી આંખો ઊંચી કરીને બોલ્યાં, "આ તમે કેવી ભાષા બોલો છો?"

"તમે છાનાં રહો." દાદાજીએ એમની તરફ ફરીને કહ્યું અને મોટું પંખી પાંખો સંકેલી લે એમ દાદીમાએ બે બાજુથી સાડલો વીંટી લીધો.

દાદાજીને હવામાં આમતેમ જોતાં બોલવાની ટેવ હતી એટલે કંઈક શોધતા હોય એવું લાગતું. "આ ઘરડા માણસના આત્માને શા માટે દૂભવો છો? તમે કૉલેજ ભણ્યા અને થોડી ચોપડીઓ વાંચી એટલે વિદ્વાન થઈ ગયા પણ તમારા ભણતરમાં ન આવતું હોય એવું ઘણું હોય છે. આ કંઈ વાર્તાઓમાં આવે છે એવું નહોતું કે ક્યાંક બૂમ પડી, તલવાર ખેંચીને આંધળિયાં કરતા મોટિયાર દોડ્યા અને બે માથાં વધેરાયાં. ચાર વર્ષથી વેરો ભર્યો નહોતો. રૂપિયામાં ગણીએ તો વાત નાની હતી પણ મુદ્દો એ નહોતો. અમે જ આ ધરતીના ધણી. આ નદી અમારી અને હવાપાણી અમારાં. આ હઠ લાંબું ચાલી ત્યારે કોઈ તમારા જેવું ડાહી વાતો કરનારું, તોપોની બીક બતાવી ફોસલાવનારું નહીં મળ્યું હોય? વાત એમ છે કે આખા ગામને, ડોસાંડગરાં અને કૂતરાંબિલાડાંને પણ કપાઈ મરવું હતું. તલવારો અને ભાલા ઘડવા લુહારિયાં બોલાવ્યાં હતાં. એમણે ગામ વચ્ચે બે મહિનાથી પડાવ નાખ્યો હતો. કહે છે, છેલ્લી ઘડીએ મરનારા ખૂટ્યા ત્યારે ભઠ્ઠીઓમાંથી લાલચોળ તલવારો ખેંચીને એ લુહારિયાં તોપોની સામે દોડ્યાં આવ્યાં હતાં રોટલો રળવા તે શૂરાતનની લહેર ભેગાં તણખા બની ઊડી ગયાં. સાત-આઠ વરસનું છોકરુંય બચ્યું નહીં. ગાડાંનાં ગાડાં ભરી આજુબાજુનાં ગામોમાંથી અનાજ આવ્યું અને કોઠાર ભરાયા. અમુક માઢમાં કૂવા નહોતા ત્યાં કૂવા ગળાયા. ડીસાથી અંગ્રેજે કૂચ કરી એ સમાચાર મળ્યા પછી સગેવહાલેથી જવાનિયા હથિયાર સજીને આવી ગયા. મંદિરો ભરાઈ ગયાં, ધર્મશાળા ભરાઈ ગઈ અને ઘેરઘેર ઉતારા કરવા પડ્યા. લડાઈ તો આવતાં આવશે, અહીં તો અવસર મંડાઈ ગયો હતો. બકરા કપાતા હતા, લાડુ બનતા હતા, કસુંબા પીવાતા હતા.